# વાંકાનેર ગામમાં માતાજીનો પાટોત્સવ યોજાયો

(પ્રતિનિધિ ધ્વારા) ભિલોડા,તા.૧૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામમાં (દિવદર)માં બિરાજમાન શ્રી વહાણવટી માતાજી,શ્રી જય અંબે માતાજી અને શ્રી મહાકાલી માતાજીના મંદીરનો પાટોત્સવ ભક્તિભાવ પુર્વક યોજાયો હતો.વાંકાનેર ગામમાં શ્રી વહાણવટી માતાજી,શ્રી જય અંબે માતાજી અને શ્રી મહાકાલી માતાજીના મંદીરનો પાટોત્સવ પ્રસંગે ભાવિક ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટયા હતા.ભાવિકભક્તોએ મહાપ્રસાદીનો મોટી સંખ્યામાં લાભ લીધો હતો.શ્રી વહાણવટી માતાજી,શ્રી જગદંબા માં અને શ્રી મહાકાલી માતાજી મંદીર જીર્ણોદ્ધાર સમિતી વાંકાનેર,રાજુભાઈ વિઠ્ઠલભાઈ વાઘેલા,ગંગારામભાઈ વાઘેલા,ચંદુલાલ ઉપાધ્યાય (ગોરમહારાજ), શૈલેષભાઈ વાઘેલા, અશોકભાઈ વાઘેલા, ગીરીશભાઈ કોટવાળ, રમેશભાઈ વાઘેલા, વિનોદભાઈ વાઘેલા તેમજ સમસ્ત વાઘેલા પરીવાર સહિત સેવાભાવી કાર્યકરોએ આ પાટોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

## ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ વિસનગર સંસ્થાના ખેલાડી રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા બન્યા

પાલનપુર, તા.૧૬

ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ, વિસનગર- વિજાપુર હાઈવે, બાજીપુરા પાટીયા પાસે વિસનગર સંસ્થા છેલ્લા ઓગણીસ વર્ષથી વિકલાંગોના સર્વાગી વિકાસ માટે અવિરતપણે કાર્યરત છે. આ સંસ્થાના ખેલાડી પટેલ સંગીતાબેન વિમલભાઈ રાષ્ટ્રીય કક્ષાએ તા.૨૦ થી ૨૨ માર્ચ-૨૦૧૫૨ના રોજ દિલ્હી મુકામે યોજાયેલ ૨૦૦ મીટર દોડમાં બીજા ક્રમે વિજેતા બની સસ્થાનું ગૌરવ વધાર્યુ છે. સંસ્થાના ટ્રસ્ટીગણ તેમજ સમગ્ર સંસ્થા પરિવાર તેમને હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ પાઠવે છે.

# શામળાજીમાં સાત લાખના દારૂના જથ્થાની સાથે ૬ની ધરપકડ

## ૧૧૭૬ બોટલ સાથે બે વાહનો સાથે સાત મોબાઈલ પકડાયા







(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા.૧૬

અરવલ્લી જીલ્લા ની શામળાજી ચેક પોસ્ટ ગેર કાયદેસર ચીજ વસ્તુ ઓની હેર ફેરી માટે સ્વર્ગ સમાન સાબિત થયી રહી છે શામળાજી પોલીસ ને આરટીઓ ચેક પોસ્ટ નજીક વાહન ચેકિંગ દરમ્યાન ૨ વાહનો માં થી ૭ લાખ નો દારૂ અને ૭ મોબઈલ અને ૨ વાહનો જડપી ૧૭ લાખ કરતા થી પણ વધારે નો મુદ્દા માલ સાથે ૬ લોકો ની અટકાયત કરી છે .



અરવલ્લી જીલ્લા ની શામળાજી આર ટી ઓં ચેક પોસ્ટ નજીક શામળાજી પોલીચે વાહન ચર્કીંગ કરી રહી હતી ત્યારે રાજસ્થાન તરફથી આવી રહેલ ટાટા મજીક ને અટકાવી તલાશી લેતા તેમાંથી અલગ અલગ બ્રાન્ડ ની ૧૧૭૬ નગ દારૂ ની બોટલ મળી આવી હતી દારૂ ની બોટલો સાથે રવીન્દ્ર જાટ અને અમિત જાટ ની અટકાયત કરી પૂછ પરછ કરતા હજુ એક વાહન દારૂ સાથે આવતું હોવાનું જણાવતા પોલીસે સર્તકતા બની ચેકિંગ ચાલુ રાખ્યુ હતું તે દરમિયાન બીજી એક જીપ ની તપાસી લેતા તેમાંથી મોઘી દાટ અને ઊંચા ભાવ ની ૨૪૮ નગ દારૂ ની બોટલો મળી આવી હતી આ સાથે નવીન જોગીન્દર રાજપૂત ,પવન બળવંત સિંહ જાટ, રાહુલ સોમનાથ રાજપૂત, વિજેસ કલીરામ જાટ. અટકાયત કરી બંને વાહનો નો દારૂ ૭,૩૯,૭૦૦ નો જપ્તક્ઝકરી બે વાહનો અને ૭ મોબઈલ સાથે કુલ ૧૭,૩૯,૭૦૦ નો મુદ્દા માલ સાથે કુલ ૬ આરોપી ઓ ની જડપી પાડી તેમને સામે ગુણો નોંધી વધુ તપાસ સારું કરી છે

શામળાજી પોલીસે વહન ચર્કીંગ દરમિયાન મળેલ બાતમી ના અનુસાર બે અલગ અલગ વાહનો માંથી પોલીચે કુલ ૧૪૨૪ બોટલ અંગ્રેજી દારૂ ના જથ્થા સાથે કુલ ૬ આરોપી ઓની અટકાયત કરી છે ત્યારે આ વાહનોમા લઈ જવાતો તમામ દારૂ ઉચી ક્વૉલિટીનો હોવાનું બહાર આવ્યું છે દારૂ સાથે પકડ્યેલ ૬ આરોપીઓ ભણેલા ગણેલા અને બે રોજગાર હોવાનું તેમની -નથમિક પૂછપરછમાં જણાઈ આવ્યું છે આ લોકો દારૂને હેરફેરી કરવા માટે ગાડીની આગળ ભાજપ નો જંડો અને P-વી આઈપી સ્ટીકર અને ગવર્મેન્ટ ઓફ ગુજરાત અને પોલીસના કરાઈમનું પણ સ્ટીકર લગાવામાં આવું હતું. આ તમામ સિમ્બોલ સાથે પોલીસ ને ગુમેરાહ કરવા નું કામ કરતા હતા જે સાથે દારૂને હેર ફેરીમા નવી મોડસ ઓ-ંડી બહાર આવી છે

શામળાજી ચેક પોસ્ટ પાસે થે દારૂ ભરેલ વાહનો પેકી ના એક વાહન પર જે રીતે ભાજપ નો ભગવો લહેરાઈ રઙ્ગો હતો અને કાચ પર પોલીસે અને મીડિયા ને લગતા સ્ટીકર લગાવામાં આવ્યા હતા તે જોતા આ હેર ફેરી -કરણમા અનેક મોટા માથા સંડોવ્યા હોવાનું શક્યતા દેખ્યા છે ત્યારે પોલીસ ધ્વારા આ તમામ આરોપીઓં પાસે થે સાચી વિગત બહાર લાવામા આવે તે જરૂરી છે

# મોડાસામાં મુખ્યમંત્રીના આગમન પહેલા જ નગરપાલિકાના સફાઈ કર્મચારીઓ હડતાળ પર

## નગરપાલિકા ધ્વારા લેબરકોર્ટ ના આદેશનુ પણ ઉલ્લઘન કરાયુ

મોડાસા તા.૧૬

છેલ્લા કેટલાય સમય થી મોડાસા નગરપાલિકાના સત્તાધિશો અને સફાઈ કર્મચારીઓ વચ્ચે કાનુની જંગ ચાલી રહયો છે સફાઈ કામદારો ને કાયમી કરવાના મુદ્દે જંગ છેડાઈ ચુકયો છે



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જીલ્લા ના વડુ મથક મોડાસા નગરપાલિકા ના ૧૦૦ થી વધુ કર્મચારીઓ કાયમી કરવાના મુદ્દે અચ્ચોકસ મુદત ની હડતાળ ઉપર ઉતરી ગયા છે ત્યારે આગામી ૨૦ મી એપ્રીલ ના રોજ મોડાસા ખાતે ગુજરાત રાજય ના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ કૃષિ મહોત્સવ અર્તગત મોડાસા દાતે આગમન થનાર છે ત્યારે મુખ્યમંત્રી ના અગમન પહેલા જ આ રીતે સફાઈ કર્મચારીઓ હડતાળ પર ઉતરી જતા વહીવટી તંત્ર માં દોડધામ મચી ગઈ હતી

મોડાસા નગરપાલિકા માં ૨૦ વર્ષ ઉપરાંત ના સમય ગાળા થી સફાઈ કર્મચારીઓ ને કાયમી કરવાના મુદ્દે અવારનવાર આંદોલનાત્મક કાર્યક્રમો આપી ચુકયા છે તો બીજી તરફ આ કર્મચારીઓ એ નગરપાલિકા સામે લેબર કોર્ડ માં પીટીશન દાખલ કરી હતી ત્યારે લેબરકોર્ટે પણ આ સફાઈ કામદારો ની તરફેણ માં ચુકાદો આપી આ કામદારો ને કાયમી કરવાનો હુકમ કર્યો હતો પરંતુ નગરપાલિકા ના સત્તાધીશો આ કોર્ટ ના હુકમ ને પણ ઘોળી ને પી ગયા હોય તેમ હુકમ નો અનાદર કરી કફનઈ કર્મીઓ ને કાયમી નકરતાં છેવટે ૧૦૦ થી વધુ કર્મચારીઓ એ હડતાળ નુ શસ્ત્ર ઉગામ્યુ હતુ.

# બનાસકાંઠામાં બંધ પાળી સોનોગ્રાફી મશીન ધરાવતા તબીબોએ કલેકટરને આવેદનપત્ર સોંપ્યું

પાલનપુર, તા.૧૬

બનાસકાંઠામાં સોનોગ્રાફી મશીન ધરાવતા તબીબોએ આજે એક દિવસ સોનોગ્રાફ મશીનો બંધ રાખી જિલ્લા કલેકટરશ્રીને આવેદનપત્ર સુપ્રત કર્યુ હતું.

આ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટનો હેતુ સ્ત્રી કે પુરુષની ભૃણ હત્યા અટકાવવાનો છે.

ડોકટરો દ્વારા આ અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે આમ છતાં રજીસ્ટરમાં સામાન્ય ભુલ થઈ હોય તો તેને જેલની સજા થાય તે અન્યાય છે.

સ્ત્રી કે પુરુષ ભૃણ હત્યા કરી ગુનેગાર ઠરનાર ડોકટરોને કડકમાં કડક સજા થાય તેવું અમો તમામ તબીબો માનીએ છીએ.

પરંતુ રજીસ્ટરની સામાન્ય ભુલના કારણે તબીબોને અન્યાય ન થાય તે માટે સરકારનું ધ્યાન દોરવા આ આવેદન પત્ર સોંપવામાં આવેલ છે.

# બનાસકાંઠા જિલ્લામાં ૨૨મી એપ્રિલથી ૧૦ મે સુધી કૃષિ મહોત્સવ યોજાશે

પાલનપુર, તા.૧૬

-તિવર્ષ યોજાતા કૃષિ મહોત્સવની જેમ આ વર્ષે પણ કૃષિ મહોત્સવની ઉજવણી તા. ૨૨-૪-૨૦૧૫ થી તા. ૧૦-૫-૨૦૧૫ દરમિયાન યોજાશે. બનાસકાંઠા જીલલામાં કૃષિ મહોત્સવની ઉજવણી શાનદાર રીતે થાય અને તેમાં વિશાળ સંખ્યામાં ખેડૂતો અને પશુપાલકો ભાગ લઈ અધતન માહિતી અને માર્ગદર્શન મેળવી પોતાની આવકમાં સારો વધારો કરી શકે તેવા ધ્યેય સાથે કલેકટરશ્રી દિલીપ રાણાના માર્ગદર્શન અને સુચના અનુસાર જીલ્લા વહીવટીતંત્ર દ્વારા વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે.

બનાસકાંઠા જીલ્લામાં કૃષિ મહોત્સવની ઉજવણી જી. પંચાયતની બેઠક મુજબ જીલ્લાની કુલ ૫૫ બેઠક પૈકીમાંથી પસંદ થયેલ ગામે/સ્થળે યોજાશે. આ ઉજવણી જે તે સ્થળોએ બે દિવસ માટે કરવામાં આવશે. જેમાં પ્રથમ દિવસે જે તે તાલુકાની થીમ અનુસાર પાક પરિસંવાદ/ સેમિનાર તથા બે દિવસ માટે કૃષિ તથા ગ્રામ વિકાસ સંલગ્ન વિભાગોનું એકઝીબીશન કમ સેલનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, તથા વૈજ્ઞાનીકો ઉપસથિત રહીને જરૂરી માહિતી અને માર્ગદર્શન આપશે. આ સ્થળોએ સરકારશ્રીના વિવિધ વિભાગો દ્વારા લોકોને ઉપયોગી માહિતી સભર સ્ટોલ ગોઠવવામાં આવશે. ઉપરાંત નિયત થયેલ ઉજવણીના કાર્યક્રમના સ્થળે પશુપાલન વિભાગ દ્વારા પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરાશે. તેમ જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જી.પંચાયત બનાસકાંઠા દ્વારા જણાવાયું છે.

# આજથી અરવલ્લી જિલ્લામાં વણથંભી વિકાસયાત્રાનો -ારંભ

સમગ્ર રાજયમાં આજથી વણથંભી વિકાસયાત્રાનો -ારંભ કરવામાં આવનાર છે જેના ભાગરૂપે આજે અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં વિવિધ ગામોમાં જુદાંજુદાં વિકાસના કામોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરવામાં આવનાર છે.

આજે તા.૧૭ એ-િલ૨૦૧૫ને શુક્રવારના રોજ ગુજરાત રાજય પછાત વર્ગ વિકાસ નિગમના ચેરમેન શ્રી જયંતિભાઈ બારોટ મેઘરજ તાલુકાના ગામોની ગ્રામ પંચાયત કચેરી, -ાથમિક આરોગ્ય કેન્દ્ર, -ાથમિક શાળા, આંગણવાડી, બસ સ્ટેન્ડ સહિતના સ્થળોની મુલાકાત લેશે. ચેરમેન સવારે ૯ વાગ્યે નવાગામમાં ૧૩૦.૦૧ લાખના ખર્ચે ગેડ પાટીયાથી નવાગામ તેમજ નવી ઈસરી -ાથમિક શાળાથી નારણપુરા ગામને જોડતા રૂ. ૧૦૮ લાખના ખર્ચે તૈયાર થનાર પાકા રસ્તાના કામનુ ખાતમૂર્હત કશે. બાદમાં મોટા પંડુલી ગામમાં ૧૨૦.૦૧ લાખના તૈયાર થનાર પુલના કામ મળી મેઘરજ તાલુકાના ગામોમાં કુલ રૂ. ૩૫૮ લાખના ૩ વિકાસ કામોનું ભૂમિપૂજન અને લોકાર્પણ કરશે.

# ઈન્ડિયન માસ્ટર શેફ સિઝન-૪ની વિજેતા નિકિતા ગાંધીનું મોડાસામાં ભવ્ય સન્માન





(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૧૬

કુકીંગ વર્લ્ડને ગ્લેમરસ બનાવી મુકતા કુકીંગ રિયાલીટી શૉ માસ્ટર શેફ સીઝન-૪ ની વિજેતા અને મોડાસાની વતની નિકિતા ગાંધીનો સન્માનનો કાર્યક્રમ આજે શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળની સંચાલિત કોલેજ કેમ્પસના ભામાશા હોલમાં યોજવામાં આવ્યો હતો. જેમાં મોડાસાના નગરજનો ખુબ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના વિનયભાઈ ગાંધી ૩૦ વર્ષથી ધંધાર્થે અબુધાબીમાં રહે છે. ત્યારે સ્ટાર પ્લસ હિન્દી ચેનલના ઈન્ડિયન માસ્ટર શેફ સિઝન-૪માં તેમની દિકરી નિકિતા ગાંધી વિજેતા બનતાં મોડાસા શહેરમાં શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ દ્વારા પોતાની વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માનવાનો કાર્યક્રમ સાંજે ૫ વાગ્યાના સુમારે રાખ્યો હતો. ત્યારે માસ્ટર શેફ સિઝન-૪ની વિજેતા નિકિતા ગાંધી તેના પિતા વિનય ગાંધી, બહેન તથા માતા અને પરિવારના સભ્યોને સન્માનવામાં આવ્યા હતા. માસ્ટર શેફસીઝન-૪ની વિજેતા નિકિતા ગાંધી આજે મુંબઈથી મહેસાણા ત્યારબાદ અંબાજી થઈ નાથદ્વારા દર્શન કરીને સાંજના ૫.૪૫ પોતાના વતન મોડાસા આવી પહોંચી હતી. પોતાના વતન મોડાસામાં આટલી લાંબી મુસાફરી આજના દિને કરી હોવા છતાં મોડાસા આર્ટ્સ કોલેજમાં પગ મુકતાની સાથે જ નિકિતા ગાંધી ઉત્સાહમાં આવી ખુશખુશાલ જોવા મળતાં નગરજનોનો આનંદ બેવડાયો હતો. મોડાસાના નગરજનોએ નિકિતા ગાંધી જોડે સેલ્ફી પડાવવા રીતસરની પડાપડી કરી હતી. આજે કોલેજ કેમ્પસના ભામાશા હોલમાં શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળના પ્રમુખ નવીન મોદી,જાણીતા એડવોકેટ ધ્રુવભાઈ મહેતા અને નાગરીક બેંકના ચેરમેન સુભાષભાઈ શાહ તેમજ નગરની વિવિધ સંસ્થાઓના હોદેદારો, અગ્રણી ડૉકટર, એડવોકેટ, પદા અધિકારીઓએ નિકિતા ગાંધીનું સન્માન કરવામાં આવ્યું હતું.

સુભાષભાઈ શાહ (ચેરમેન નાગરીક બેંક)ના જણાવ્યા અનુસાર નિકિતા ગાંધી આજે મોડાસામાં પોતાના દાદા-દાદીના નિવાસસ્થાને રાત્રી રોકાણ બાદ શુક્રવારની વહેલી સવારે મુંબઈ જવા રવાના થશે.

# ભિલોડાના વણઝર ગામે ત્રણ ભેંસો સહિતના મુદ્દામાલની ચોરી

(પ્રતિનિધિ ધ્વારા) ભિલોડા,તા.૧૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વણઝર ગામના સીમવિસ્તારમાંથી ત્રણ ભેંસો સહિત રૂા.૨,૦૦,૦૦૦/-ની માલમત્તાની ચોરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે.ભિલોડા તાલુકાના સીમવિસ્તારોમાં રહેતા ખેડુતો અને પશુપાલકોમાં ભારે ફફળાટ ફેલાયો છે.શામળાજી પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ વણઝર ગામના રહેવાસી.રમેશભાઈ ગનાભાઈ વણકર,હિરાભાઈ ગનાભાઈ વણકરના ખેતરમાં બાંધેલ ત્રણ ભેંસો, સાબરદાણ, એરંડા, લસણ, ડુંગળી, ઘરવખરી સહિત વિવિધ ચીજવસ્તુઓની કિંમત રૂા.૨,૦૦,૦૦૦/-થી વધુની માલમત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં સીમવિસ્તારોમાં રહેતા ખેડુતો અને પશુપાલકોમાં ભારે ફફળાટ ફેલાયો છે.

સાંકેતભાઈ ચૌધરી, મુકેશભાઈ પટેલ, ખેડુતો અને પશુપાલકોએ શામળાજી પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે આ ચોરીના બનાવ સંદર્ભે ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ હોવાનું જાણવા મળેલ છે.શામળાજી પોલીસ ધ્વારા અજાણ્યા તસ્કરોની શોધખોળના ચક્રો ગતિમાન કરાયા હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

# મહેસાણા ઠાકોર સમાજ વિકાસ સેવા સમિતિ દ્વારા આઠમો સમુહ લગ્નોત્સવ યોજાયો

## ૧૨૧ નવદંપત્તિઓએ પ્રભુતામાં પગલાં માંડયા

ગાંધીનગર, તા.૧૬

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેને પટેલે જણાવ્યું હતું કે જો આપણે ગુજરાતના વિકાસને નવી ઉંચાઈ ઉપર લઈ જવો હશે અને તેને સુવિધાયુક્ત અને સમૃધ્ધી યુક્ત બનાવવુ હશે તો વધુને વધુ નારી શક્તિને વિકાસના પ્રવાહમા જોડવી પડશે અને તેની શરૂઆત સમાજમાં રહેલા કુરિવાજોને જાકારો આપી કરવી પડશે.

મહેસાણા જિલ્લાના લાંઘણજ ખાતે આવેલા ચરાડુ ગામે આજે ઠાકોર સમાજ વિકાસ સમિતી દ્વારા યોજાયેલ આઠમા સમુહ લગ્નમા સામેલ કુલ ૧૨૧ જેટલા નવદંપતીને નવજીવનના આશિર્વાદ પાઠવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત આજે વિકાસની હરણફાળ ભરી રહેલ છે પરંતુ કેટલીક બાબતો આ વિકાસને આડે આવે છે તેને આપણે સાથે મળી દૂર કરવી જોઈએ. આ નવદંપતિઓ માટે સમાજ ના આગેવાનો દ્વારા અગાઉથી જ શૌચાલય બનાવવાનો પ્રયાસ કરવામા આવ્યો હતો તે બદલ તેમને અભિનંદન પાઠવી સમુહલગ્નના પ્રયાસનો આવકાર્યો હતો.

મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલે જણાવ્યું હતું કે અગાઉ ગામડાઓમા બહેન દિકરીઓ અને વયોવૃધ્ધને ઘરે ઘરે શૌચાલયો નહિ હોવાને કારણે બહુ તકલીફ ભોગવવી પડતી હતી. પરંતુ રાજય સરકાર દ્વારા ઘરે ઘરે શૌચાલયો બનાવવાનુ અભિયાન શરૂ કરી તેમાં સહાય આપવામા આવતા આવનાર દિવસોમાં આ સમસ્યાનો ઉકેલ લાવી શકાશે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧